dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
June-July 2013 For private circulation only Vol. 05 - Issue 108-9

શિક્ષણે, એના સર્વશ્રેષ્ઠ અર્થમાં, તો માણસે કેમ જીવવું એ શીખવવું જોઈએ. શિક્ષણનું આ વ્યકિતલક્ષી પાસું છે. પરંતુ ભિન્ન ભિન્ન જાતિના, વર્ણના અને કોમના લોકો ભેગા મળીને કેમ રહેવું તે શીખે તે પણ સાચા શિક્ષણે શીખવવું જોઈએ. આ શિક્ષણનું આંતરરાષ્ટ્રીય પાસું છે.

એમ. સી. ચાગલા

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

શિક્ષણ કોઈ પણ રાષ્ટ્રનો આધાર છે. રાષ્ટ્રની ગતિ-પ્રગતિનું કેન્દ્રબિંદુ પણ શિક્ષણ છે. જેવું શિક્ષણ હશે તેવું રાષ્ટ્ર હશે. શિક્ષણ કોઈ પણ રાષ્ટ્રને તેની ઓળખ આપે છે. પણ સવાલનો સવાલ એ છે કે આ શિક્ષણ કેવું હોવું જોઈએ ? એ કેવળ પુસ્તકોનું શિક્ષણ હોય કે જે બુધ્ધિને જ સ્પર્શે ? કે પછી એવું શિક્ષણ હોય કે જે વ્યકિતના સંપૂર્ણ જીવનને સ્પર્શતું હોય અને એનો પરિષ્કાર કરતું હોય ? ભારતીય શિક્ષણ પ્રણાલી પ્રાચીન સમયમાં એ પ્રકારની હતી જેમાં વ્યકિતના મન, બુધ્ધિ, શરીર અને તેના આત્માનો સર્વ પ્રકારે વિકાસ થાય. વાતાવરણમાં આજે એવી વાત વહેતી થયેલી છે કે, આજનું આપણું શિક્ષણ કેવળ બુધ્ધિના વિકાસનું કામ કરે છે. વ્યકિત અને એ જે સમાજ કે રાષ્ટ્રમાં વસે છે તેનો સર્વાંગી અને ચતુર્મુખી વિકાસ કેવળ બુધ્ધિને કેન્દ્રમાં રાખવાથી ન થઈ શકે તે વાત દીવાના અજવાળા જેટલી ચોખ્ખી છે. શિક્ષણ એટલે માત્ર બૌદ્ધિક વિકાસ એવો સીમિત અર્થ ન કરતાં વ્યાપક અર્થને પકડવો પડે. માણસને માણસાઈ તરફ ઉન્મુખ કરે તે સાચું શિક્ષણ. જાણીતા કેળવણીકાર ચિંતક ગુણવંત શાહ કહે છે કે "જીવનની ગુણવત્તા વધારવા માટેનું ઉચ્ચાલન એટલે શિક્ષણ". જીવન કોઈ એક દિશામાં વહેતું નથી. જીવનને કોઈ સિમાઓમાં પણ બાંધી શકાતું નથી. જીવન સ્વયં વિસ્તૃત - અસિમને તાકે છે. માટે જ જીવન માટે આપવામાં આવતું શિક્ષણ બે-ચાર-પાંચ પુસ્તકો કે પછી પાંચ-પંદર-વીસ વર્ષ પૂરતું મર્યાદિત કેવી રીતે હોઈ શકે ?!

શિક્ષણ દ્વારા વ્યાવસાયિક કુશળતા પ્રાપ્ત થાય તો જરૂરી છે પણ તેની સાથે સાથે વ્યકિતના વ્યકિતત્વનો વિકાસ થાય તે પણ જરૂરી છે. એથી આગળ વિચાર કરીએ તો વ્યકિતના ચરિત્ર્યનો વિકાસ અત્યંત આવશ્યક છે. ચરિત્ર્યના વિકાસ વગરનો કેવળ બૌદ્ધિક વિકાસ નિરર્થક છે. વળી, સામાજિક કર્તવ્યોનું પાલન કરતાં પણ શિક્ષણે શીખવવાનું છે. માટે જ કહેવાય છે કે શીખવા અને શીખવવાની અવિરત પ્રક્રિયા એટલે શિક્ષણ.

શિક્ષણ જેને પ્રાચીન સમયમાં જ્ઞાન તરીકે ઓળખતા હતા તે મનુષ્યની ત્રીજી આંખ છે. એક સંસ્કૃત સુભાષિતમાં આ સંદર્ભમાં કહયું છે : 'જ્ઞાનં મનુખસ્ય તૃતીયં નેત્રમ્'. જ્ઞાન એ પ્રકાશ છે. જ્ઞાનનો પ્રકાશ વ્યકિતને અંતદૃષ્ટિ આપે છે. જે પ્રકાશ દ્વારા વ્યકિત પોતાના જીવનના યથાર્થને, પોતાના જીવનના ઉદ્દેશને સમજવામાં મદદરૂપ થાય છે.

આજકાલ શિક્ષણનું મહત્વ ઘણું વધ્યું છે એ સારી નિશાની છે પરંતુ તેની સાથે શિક્ષણની સમજ પણ સમાજમાં વધે તે જરૂરી છે એ ભૂલવા જેવું નથી. ખાસ તો શિક્ષકનું એ દાયિત્વ છે કે પોતાની પાસે જ્ઞાન ઉપાસના માટે આવેલા વિદ્યાર્થીઓમાં શ્રધ્ધા, સમર્પણ, વિનય, ચારિત્ર્ય, સંસ્કાર વગેરે જન્મે. વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ જન્મે. પોતાનો વિદ્યાર્થી ચિંતામુકત બનીને સફળતાઓ પ્રાપ્ત કરે. શિક્ષણનું એ કર્તવ્ય છે કે તે વિદ્યાર્થીના વ્યકિતત્વનો સમાદર કરે. વિદ્યાર્થી ઉપર પોતાના વિચારો કે પોતાના નિર્ણયો થોપવાને બદલે, પોતાનું આંધળુ અનુકરણ કરે તેવી અપેક્ષા રાખવાને બદલે તે સ્વતંત્ર રીતે વિચારતો થાય તેમ કરવું જોઈએ. ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને ગીતાનું સંપૂર્ણ જ્ઞાન આપ્યા પછી કહે છે : "હે અર્જુન, મેં તને બધું જ જ્ઞાન પ્રદાન કરી દીધું છે. એ જ્ઞાન પર તું વિચાર કરજે અને તારી ઈચ્છા મુજબ નિર્ણય લેજે."

તમામ શિક્ષકોએ પોતાનો વિદ્યાર્થી જીવનમાં પોતાની રીતે વિચારતો થાય તે તરફ ધ્યાન આપી તેના જીવનમાં સંસ્કાર પલ્લવિત થાય, તેની દૃષ્ટિ ખીલે અને તેનું જીવન સફળ થાય તેવું કર્તવ્ય અદા કરવાનું છે. એ શિક્ષક માટે, વિદ્યાર્થી માટે અને સમગ્ર માનવજાત માટે શ્રેયસ્કર છે.

તા. ૩૧ જુલાઈ, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિશ્રી

# યુનિવર્સિટી ન્યૂઝ

## વિદેશના વિદ્યાર્થી

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અફઘાનીસ્તાન, શ્રીલંકા, નેપાળ અને આફ્રીકન દેશોના ૧૭ વિદ્યાર્થીઓ અનુસ્નાતક વિભાગમાં અભ્યાસ કરશે. શૈક્ષણિક સ્તર સુધારવા માટે સતત પ્રયત્નશીલ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શાસકોને દસ વર્ષ બાદ વિદેશી વિદ્યાર્થીઓ મેળવવામાં સફળતા હાથ લાગી છે. વિદેશી મંત્રાલય દ્વારા પોતાના વિદ્યાર્થીઓને અન્ય દેશમાં અભ્યાસ કરવાની તક મળી રહે તેવા આશય સાથે સ્કોલરશીપ ફાળવી વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે મોકલવામાં આવતા હોય છે. જેમાં તાજેતરમાં કરોડો રૂપિયાના ખર્ચે યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓને યોગ્ય સુવિધા મળી રહે તેવી હોસ્ટેલ ઉભી કરવામાં આવી રહી હોવાની બાબત ઉપરાંત અન્ય સુવિધાને ધ્યાનમાં રાખી મીનીસ્ટ્રી ઓફ એકસટર્નલ એફેર્સ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા સંચાલિત ઈન્ડીયન કાઉન્સીલ ફોર કલ્ચરલ રીલેશન દ્વારા અફઘાનીસ્તાન, શ્રીલંકા, નેપાળ અને આફ્રીકન દેશો ઘાના તેમજ સેનેગલના રહેવાસી એવા ૧૭ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટેની ફાળવણી કરવામાં આવી છે. જે પૈકી માસ્ટર્સ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશનમાં ૬ વિદ્યાર્થીઓ, એમ.એ. પબ્લીક એડમીનમાં ૨ વિદ્યાર્થીઓ તેમજ એમ.એસ.સી. બાયોકેટનોલોજીના અભ્યાસક્રમમાં ૭ અને એસ.સી.એ - એમ.બી.એ.ના અભ્યાસક્રમમાં ૨ વિદ્યાર્થીઓની ફાળવણી કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને ફાળવવામાં આવેલા વિદ્યાર્થીઓ પૈકી મુળ આફ્રીકન દેશ ઘાનાનાં રહેવાસી માઈકલ કે વાકુ ઓંડગો તેમજ અલસુ કોમલાન બોકાએ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી લેતા કુલપતિ દક્ષેશ ઠાકરના હસ્તે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## મુલાકાત











વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના લો ભવનમાં બી.કોમ. એલએલબીના નવા શરૂ કરવામાં આવનાર અભ્યાસક્રમ પૂર્વે આજે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના એકઝીકયુટીવ મેમ્બરની ટીમે સ્થળની મુલાકાત લીધી હતી. નવા અભ્યાસ ક્રમ માટે લો ભવનમાં ઊભી કરવામાં આવેલી અદ્યતન લાયબ્રેરી સહિતની સુવિધાઓને પગલે પ્રાથમિક તારણમાં કમિટી દ્વારા હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

વકીલાતના વ્યવસાયમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે હાલ કોમર્સના અભ્યાસક્રમનાં ત્રણ વર્ષ બાદ એલએલબીના ત્રણ વર્ષનો અભ્યાસ પૂર્ણ કરી સનદ મેળવવાને લાયક બને છે. પરંતુ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના લો વિભાગ દ્વારા કોમર્સ ફકલ્ટીના વિદ્યાર્થીઓને સરળતા મળી રહે તે માટે પાંચ વર્ષના ઈન્ટીગ્રેટેડ બી.કોમ. એલએલબીનો અભ્યાસક્રમ શરૂ કરવાની તૈયારી હાથ ધરી બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયા સામે પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. જેને પગલે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના એકઝીકયુટીવ મેમ્બર અપૂર્વ શર્માની આગેવાનીમાં સુરતના આર.જી. શાહ સહિતના મેમ્બરોની ટીમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના લો ભવનની મુલાકાત લીધી હતી. જેમાં તેઓએ ભવનમાં વકીલોને મદદરૂપ થઈ શકે તેવી ઊભી કરવામાં આવેલી અદ્યતન લાયબ્રેરી તેમજ માળખકીય સુવિધાઓનું કમિટીએ અવલોકન કરી સંતોષ વ્યકત કર્યો હતો. તેમજ આગામી સમયમાં આ પ્રકારના અભ્યાસક્રમ શરૂ કરવાની પરવાનગી આપવાનો પણ

હકારાત્મક અભિગમ દર્શાવતા ચાલુ વર્ષે અથવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫થી બી.કોમ. એલએલબીનો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવશે. ખાસ કરીને શરૂઆતથી જ વકીલાતના ક્ષેત્રમાં ભવિષ્ય બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આ નવો કોર્ષ એક વર્ષ બચાવનાર હોવાથી વિદ્યાર્થીઓને મોટી રાહત થવાની શક્યતા છે.

અમેરિકાના ન્યુ જર્સી સ્ટેટના પેટરસન સિટીના સુરતની મુલાકાતે આવેલા પેટરસનના મેયર જેફ્રી જોન્સન અને તેમના પ્રતિનિધિમંડળે તા. ૨૮-૬-૧૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી અને સુરત અને પેટરસનને સિસ્ટર સિટી બનાવવા માટેના પ્રયાસોમાં શિક્ષણના પણ સમન્વયનો પ્રયાસ કર્યો હતો. શ્રી જોન્સ અને તેમની સાથે આવેલા પ્રતિનિધિમંડળે કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકર અને સિન્ડિકેટના સભ્યશ્રીઓ સાથે ચર્ચા કરી હતી.

પેટરસન સિટીની વિલિયમ પેટરસન યુનિવર્સિટી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વચ્ચે કોલોબ્રેટિવ કોર્સ શરૂ કરવામાં આવે તો એનો ફાયદો દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓને તો થશે જ પરંતુ આ સાથે અમેરિકા જઈને અભ્યાસ કરવા ઈચ્છતા દેશના વિદ્યાર્થીઓને પણ એનો લાભ મળશે એવી રજુઆત આ ડેલીગેશને કરી હતી. આ ચર્ચા દરમ્યાન જેફ્રી જોન્સને નર્સિંગ, મેડિકલ, આર્કિટેક્ટ, કેમીસ્ટ્રી અને બાયોસાયન્સ જેવા એરિયામાં રસ દાખવ્યો હતો.

યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગની ઘણી બધી કોલેજો ચાલે છે અને પેટરસનમાં નર્સિંગના ક્ષેત્રમાં સારી એવી અપોર્ચ્યુનિટીઝ છે, આથી જો બન્ને યુનિવર્સિટીઓ વચ્ચે કોલોબ્રેટિવ કોર્સ શરૂ થાય તો દક્ષિણ ગુજરાતના નર્સિંગના વિદ્યાર્થીઓને ત્યાં સારી એવી જોબ મળી શકે અને તેમ જ એમને અમેરિકાના મેડીકલ વિશ્વમાં કામ કરવાની તક પણ મળી શકે.

આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરે જણાવ્યું હતું કે "બન્ને યુનિવર્સિટીઓ વચ્ચે એમઓયુ થાય તે પહેલાંની આ ઘણી જ પ્રાથમિક સ્તરની મિટીંગ ગોઠવવામાં આવી હતી. આ ચર્ચા બાદ હવે પેટરસન યુનિવર્સિટીનું એક ડેલિગેશન અહીં આવશે અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ડેલિગેશન ત્યાં જશે. ત્યાં કયા કોર્સ કરાવવામાં આવે છે ? ત્યાનું ફી સ્ટ્રકચર કેવું છે ? વિદ્યાર્થીઓ માટે રહેવાની સગવડ કેવી છે ? આપણા વિદ્યાર્થીઓએ ત્યાં ભણવા જવું હોય તો વિઝાની સુવિધા માટે શું કરવામાં આવશે, આ બાબત પર તપાસ કરી રિપોર્ટ સબમીટ કરાવાશે. એક એવી પણ વાત થઈ કે અહીંના વિદ્યાર્થીએ ત્યાંની યુનિવર્સિટીમાં કોઈ કોર્સ કરવો હશે તો એ માટે ત્યાં જવાની જરૂર નહિં પડે, એ અહીંથી જ કોર્સ કરી શકશે. માત્ર ફાયનલ યર માટે જ ત્યાં જવાનું રહેશે.

આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, સિન્ડિકેટ સભ્યશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.







## પરિસંવાદ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આ વર્ષે જ નવા શરૂ થયેલ ગુજરાતી વિભાગે સાહિત્ય-જગતમાં મજબૂત રીતે પોતાની છાપ ઉપસાવવાની શરૂઆત કરતા, પ્રથમ સત્રના આરંભે જ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સહયોગથી બે દિવસનો 'ચાવીરૂપ સંજ્ઞાઓ' વિશેનો પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં દેશભરમાંથી અધ્યાપકોને પસંદ કરીને આમંત્રિત કરવામાં આવ્યાં. બે દિવસ ચાલેલા આ પરિસંવાદમાં સાહિત્યના અભ્યાસ અને વિવેચનમાં સતત વપરાશમાં લેવામાં આવતી પરિભાષાઓના અર્થને સ્પષ્ટ કરવા સાથે એની વિવિધ અર્થચ્છાયાઓ, ઈતિહાસ અને પ્રસારણની શાસ્ત્રીય ચર્ચા કરવામાં આવી. તેનો લાભ સીધો જ વિદ્યાર્થીઓને મળશે. વળી, અહીં વિચારણામાં લેવાયેલી વિવિધ પરિભાષાઓને આવરી લેતું પુસ્તક પણ ગુજરાતી વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવનાર છે.

ઉદ્‌ઘાટન બેઠકમાં કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરે ગુજરાતી વિભાગના આ પ્રથમ પ્રયાસ અને શાસ્ત્રીય પરિભાષા જેવા વિષયની પસંદગીને બિરદાવીને શુભેચ્છા આપતાં જણાવ્યું હતું કે, આરંભે જ આવા અત્યંત જરૂરી એવા વિષય પર પરિસંવાદની શરૂઆત વિભાગ દ્વારા કરવામાં આવી છે એનાથી આવનારા દિવસોમાં કેવી ભવ્ય પરંપરા સ્થપાવા જઈ રહી છે એનો નિર્દેશ મળે છે. હજારો વિદ્યાર્થીઓને આવા બીજરૂપ પરિસંવાદનો લાભ મળવાનો છે. સાહિત્ય અકાદમી જેવી સંસ્થાએ વિભાગને આ માટે જે રીતે અનુકૂળતા કરી આપી તે સરાહનીય છે. પરિસંવાદના સંવાહક અને પ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. સુમન શાહે આ પરિસંવાદની પીઠિકા રચી આપવા સાથે આ પ્રકારના અનેક પરિસંવાદો દ્વારા અધ્યાપકો અને વિદ્યાર્થીઓની સાહિત્ય અને વિવેચન સંબંધી સંજ્ઞાઓના સમાર્જન પર ભાર મૂકયો હતો.

આ પરિસંવાદમાં વિદ્વાન વકતાઓ તરીકે સુપ્રસિધ્ધ વિવેચક ડૉ. સુમન શાહ, ડૉ. વિનોદ જોશી, દિલ્હી યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ મોડર્ન ઈન્ડિયન લેંગ્વેજીસ સ્ટડીઝના ડૉ. રાજેન્દ્ર મહેતા, ડૉ. જયેશ ભોગાયતા, ડૉ. હસિત મહેતા, ડૉ. અજય રાવલ, મુંબઈથી ડૉ. સેજલ શાહ, ડૉ. કિશોર વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૧૩ની રાત્રે સાહિત્યિક પ્રશ્નોત્તરી પર આધારિત 'લિટ - કિવઝ'ના કાર્યક્રમમાં

ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમથી અધ્યાપકો વચ્ચે જ્ઞાન-સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું. સાહિત્યને કેન્દ્રમાં રાખી પ્રશ્ન પેપર આપવામાં આવ્યું. એના આધારે મેરિટ તૈયાર કરીને અધ્યાપકો પૈકી ત્રણના જૂથમાં ત્રણ ટીમ બનાવીને સ્પર્ધા યોજવામાં આવી. રસપ્રદ રીતે તૈયાર કરવામાં આવેલી આ ક્વિઝની બેઠકમાં અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ બેઠકનું સંચાલન શ્રી નિસર્ગ આહીર અને શ્રી જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

પરિસંવાદની સમાપન વેળાએ વિભાગના અધ્યક્ષ ડૉ. જગદીશ ગૂર્જરે સૌનો આભાર માનવા સાથે વિભાગનો લાભ દક્ષિણ ગુજરાતના જ નહીં સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓને મળે અને સાહિત્યના અભ્યાસ માટે આ તરફ પ્રવાહ વહે એવો બનાવવાની નેમ વ્યકત કરી હતી. વિભાગના ભવનનું નિર્માણ કરવા માટે બે કરોડ જેવી માતબર રકમનું દાન કરનાર શ્રી હિતેશ પટેલને પણ આ પ્રસંગે બિરદાવવામાં આવ્યાં હતાં. માતૃભાષાના સંવર્ધન મોટ એમણે આપેલ યોગદાનની સૌ સાહિત્યરસિકોએ આનંદ વ્યકત કરવા સાથે નોંધ લીધી હતી. ભવનને આધુનિક સાધનોથી સજ્જ બનાવવામાં આવી રહયું છે. અન્ય યુનિવર્સિટીઓ કરતાં આ ભવનની વિશેષતા એ છે કે સ્વતંત્ર બિલ્ડિંગ, સ્વતંત્ર કોર્ષ આયોજન દ્વારા વિદ્યાર્થીઓનો વિકાસ કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. જેનો સફળ આવનારાં વર્ષોમાં વિદ્યાર્થીઓમાં જોવા મળશે.














## ઉજવણી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં અખિલ ભારતીય કક્ષાની ખ્યાતિ ધરાવતા ગુજરાતી સાહિત્યના પ્રથમ પંકિતના સત્ત્વશીલ સાહિત્યકાર ઉમાશંકર જોશીની જન્મજયંતિની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો. તા. ૨૨-૭-૧૩ના ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે આ કાર્યક્રમમાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા આમંત્રિતોએ ઉમાશંકર જોશીની કૃતિઓનું પઠન કરી સમગ્ર વાતાવરણ ઉમાશંકર-મય બનાવી દીધું હતું. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે આર્ટ્સ ફેકલ્ટીના ડિન પ્રિ. ઈશ્વરભાઈ પટેલ તથા તુલનાત્મક વિભાગના અધ્યક્ષા ડૉ. દમયંતીબેન પરમાર વિશેષ રૂપે ઉપસ્થિત રહયાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીઓ દ્વારા ગુરુવંદના કરવામાં આવી. જેમાં અતિથિવિશેષ તથા અધ્યાપકોનું પુષ્પગુચ્છ અને કલમ દ્વારા અભિવાદન કરાયું. વિદ્યાર્થીઓએ ઉમાશંકરના પ્રસિધ્ધ ગીત ''ભોમિયા વિના મારે ભમવા 'તા ડુંગરા'' ગીતનું ભાવવાહી ગાન કર્યું. વિભાગીય અધ્યક્ષ ડૉ. જગદીશ ગૂર્જરે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે - બામણા ગામમાં જન્મેલા કવિ ઉમાશંકર જોશીએ વીસ વર્ષની નાની વયે સાહિત્ય સાધના શરૂ કરી દીધી હતી. વતનમાં ચાર ધોરણ સુધી ભણ્યા પછી અમદાવાદ, મુંબઈના અભ્યાસ દરમિયાન પન્નાલાલ પટેલ જેવા સાહિત્યકાર સાથે સંપર્કમાં આવ્યા, સત્યાગ્રહની લડતમાં જોડાયા, જેલ ગયા, આમ બામણા ગામથી કવિ સત્યાગ્રહી, શિક્ષક, કુલપતિ રાજયસભાના સભ્ય સુધી તેમની સફર રહી હતી એમ કહી વિદ્યાર્થીઓ સમક્ષ ઉમાશંકર જોશીનો આદર્શ રજૂ કર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત આર્ટ્સ ફેકલ્ટીના ડિન, શ્રી ઈશ્વરભાઈ પટેલે આ પ્રકારના કાર્યક્રમ યોજવા માટે ગુજરાતી વિભાગને અભિનંદન પાઠવ્યાં હતાં. ઉમાશંકર જોશીના સર્જક વ્યકિતત્વનો પરિચય કરાવતાં તેમના સર્જન ક્ષેત્રના બહુવિધ-પાસાંઓની વાત કરી હતી. જયારે તુલનાત્મક વિભાગના અધ્યક્ષા ડૉ. દમયંતીબેન પરમારે ઉમાશંકર જોશીએ સાહિત્યક્ષેત્રે કરેલા પ્રદાનને બિરદાવ્યું હતું. તથા તેમની કવિતામાં પ્રગટતા વૈશ્વિક પરિમાણનો અન્ય ભાષાઓના કવિઓની તુલનામં આસ્વાદ કરાવ્યો. ડૉ. શરીફા વીજળીવાળાએ આ પ્રસંગે કવિની કવિત્વ શકિતની ચર્ચા કરી હતી. અને એમની નોંધપાત્ર વાર્તાઓ - 'છેલ્લું છાણું' તથા 'મારી ચંપાનો વર'ની ઉત્કૃષ્ટતાની ચર્ચા કરી હતી. ડૉ. નરેશ શુકલે ઉમાશંકરની આધુનિક સંવેદન પ્રગટાવતી કવિતા 'છિન્ન ભિન્ન છું' નું પઠન કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા પણ કવિની વિવિધ કવિતાઓનું પઠન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે પ્રા. ભરત ઠાકોરે ઉમાશંકર જોશીના કાવ્ય સંગ્રહ 'વિશ્વશાંતિ' અને 'નિશીથ' માંથી કેટલીક રચનાઓનો રસાસ્વાદ કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર ડૉ. પન્નાબેન ત્રિવેદીએ ઉમાશંકર જોશીના રેખાચિત્રનું સુંદર પઠન કર્યું હતું.

# કોલેજ ન્યૂઝ

## સમર ફિટનેસ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સમગ્ર ભારતની એવી એક યુનિવર્સિટીઓમાંથી છે. જે પ્રતિવર્ષ પોતાના ખેલાડી ભાઈઓ-બહેનો માટે સમર ફિટનેસ કેમ્પનું આયોજન કરે છે. જે એક ગર્વની બાબત છે. આ વર્ષે તા. ૦૬-૦૬-૧૩ થી તા. ૨૬-૦૬-૧૩ દરમ્યાન યોજાયેલા સમર ફિટનેસ કેમ્પની અંદર લગભગ ૮૫ જેટલા ખેલાડી ભાઈઓ-બહેનોએ કોચીંગનો લાભ લઈને પોતાની શકિત વિકાસ થાય એ દિશામાં આરંભ કર્યો છે. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના પ્રમુખપદે યોજાયેલા પૂર્ણાહુતિ સમારંભમાં કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા ઉપસ્થિત રહયા હતા. કુલપતિશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે રમત-ગમતમાં સિધ્ધિ હાસલ કરવાથી સમાજ જીવનમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે. એટલું જ નહી વ્યવસ્થા ક્ષેત્રે પણ સરકારી, પ્રાઈવેટ, કો-ઓપરેટીવ કે અન્ય તમામ ક્ષેત્રોમાં નોકરી અને વ્યવસાયની તક પણ ઉજળી બને છે. આવનાર વર્ષમાં તમને આ કેમ્પમાં મળેલી ટ્રેનીંગ ઉપયોગી થાય અને તમે આપણી યુનિવર્સિટીનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઉજાળો તેવી શુભેચ્છા.

કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ વિદ્યાર્થીઓની મહેનત બિરદાવી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી. નિયામકશ્રી ડેવિડ પોલે કેમ્પ અંગે વિગતવાર માહિતી આપી હતી. ખેલાડી ભાઈઓ-બહેનો તરફથી કુ. પૂજા ચૌઋષિએ ફિટનેસ કેમ્પની સમગ્ર ગતિવિધિઓને જીવનમાં ઉપયોગ બનાવવાની ખાત્રી આપી હતી. તેમજ પ્રસ્તુત કેમ્પ વર્ષ દરમ્યાન બે વખત રાખવાની વિનંતી કરી હતી.

કેમ્પ દરમ્યાન સેન્ડરનીંગ માટે વિદ્યાર્થીઓને ચાલતા ડુમ્મસ લઈ જવામાં આવ્યા હતા. સમર ફિટનેસ કોચીંગ કેમ્પના કોચશ્રી રાજુ ભાલાવાલા, શ્રી મોહન મોયરા, શ્રી મદનસિંહ ઠાકોર, શ્રી કેતન પટેલ અને શ્રી ચેતન પટેલનું કુલપતિશ્રીને હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આભાર વિધિ શ્રી રાજુ ભાલાવાલાએ કરી હતી અને સંચાલન ખો-ખો, કબડ્ડી એન.આઈ.એસ. કોચશ્રી મદન સિંહ ઠાકોરે કરી હતી.

## પીએચ.ડી.



યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ગેસ્ટ ફેકલ્ટી કલાવતી ચૌધરીએ ''વાર્તાકાર વિજય શાસ્ત્રી : એક અભ્યાસ'' વિષય પર મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો. જેને યુનિવર્સિટીએ માન્ય ગણી પીએચ.ડી. પદવી એનાયત કરી છે. એમણે પ્રસ્તુત શોધકાર્ય તુલનાત્મક સાહિત્ય વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. દમયંતી પરમારના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે. અભિનંદન

## નાટય

સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ, સુરતમાં તા. ૧૪-૫-૧૩ના રોજ શ્રી ઉકાભાઈ બારડ તથા વિદ્યાર્થીઓ અને નાટ્યવિદ શ્રી શૈલેન્દ્ર વડનેરે દિગ્દર્શિત હિન્દી નાટક 'વ્યસન એક સોચ' વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. આ શેરી નાટક સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી ઊજવણીના ભાગ રૂપે તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં જીવનની સમસ્યાઓથી ગભરાઈને બીડી, સીગારેટ કે શરાબના વ્યસનને સ્થાને દ્રઢ મનોબળ, સદ્વિચાર સકારાત્મક વલણ અને વર્તણૂંક વગેરેનું વ્યસન અપનાવી લેવું જોઈએ એવો નાટકનો સંદેશ હતો.

## વિવિધ પ્રવૃત્તિઓ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં વેકેશન દરમ્યાન સંપન્ન થયેલ વિવિધ પ્રવૃત્તિઓની વિગત નીચે મુજબ છે :

(૧) પૂર્વ અધ્યાપક અને એકાઉન્ટન્સી ડિપાર્ટમેન્ટના હેડ પ્રા. આઈ.એમ. ગાંધીએ કોલેજને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે રૂા. ૨૫,૦૦૦/- દાન આપ્યું. (૨) કોલેજમાંથી ૨૦૦૩માં સરપ્લસ થઈને નવયુગ આર્ટસમાં જોડાયેલા અર્થશાસ્ત્રના પ્રા. કે.એચ. પુરોહિત માતૃસંસ્થામાં પુનઃ તા. ૧-૬-૧૩ના રોજ જોડાયા. ડી.એન. પટેલ આર્ટસ એન્ડ એસ.એસ. પટેલ કોમર્સ કોલેજમંથી સરપ્લસ થયેલા ગુજરાતીના પ્રા. એમ.બી. ચૌહાણ કોલેજમાં તા. ૧૯-૬-૧૩ના રોજ ફરજ પર હાજર થયા છે. (૩) એફ.વાય.બી.કોમ.માં પાંચ ડીવીઝનમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યા. (૪) એફ.વાય.બી.કોમ.માં એડમીશન મેળવતા નવા વિદ્યાર્થીઓનું એમના વાલીઓ સાથે કોલેજની જાણકારી આપવા કાઉન્સેલીંગ કરવામાં આવ્યું. કોલેજના કમ્પ્યૂટર સેન્ટર અંગે માહિતી આપવા એફ.વાય.બી.કોમ.માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ અને વાલીઓનું શ્રીમતી હેલીબેન ઉપાધ્યાય દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવ્યું. (૫) લાયબ્રેરીમાં ફલોરીંગ બેસી ગયું હતું તેથી કોટા સ્ટોનનું ફલોરીંગ, દિવાલની ચારે બાજુ દિવાલ પર ટાઈલ્સ, અને લાયબ્રેરિયનની નવી ઓફિસ તૈયાર કરવામાં આવી. વહીવટી ઓફિસમાં વહીવટી કર્મચારીઓ માટે વધુ સુવિધા કરવામાં આવી. કોલેજ બિલ્ડીંગના મેઈન દાદર પર કોટા સ્ટોન લગાવવામાં આવ્યા. વિદ્યાર્થિનીઓની  વધતી જતી સંખ્યાને ધ્યાનમાં લઈને લેડીઝ કોમન રૂમમાં વધુ આઠ યુરીનલ તૈયાર કરવામાં આવ્યા. દરેક વર્ગખંડમાં જે તે માટે જરૂરી નોટિસ માટે નાના નોટિસ બોર્ડ મૂકવામાં આવ્યા, વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકે તે માટે કોલમ પર છ ફોલ્ડીંગ રાઈટીંગ બોર્ડની વ્યવસ્થા કરવામાં આવી. પ્રા. બી.ટી. પટેલના સૂચન અનુસાર લાયબ્રેરી આગળ રાઈટીંગ બે ફોલ્ડીંગ બોર્ડ મૂકવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓએ મેળવેલ ટ્રોફી, શીલ્ડ વગેરે ડીસ્પ્લે કરવા આચાર્ય ઓફીસની બાજુમાં વેઈટીંગ ફોયરમાં વ્યવસ્થા કરવામાં આવી. સ્ટાફ કોમન રૂમમાં ઉધઈ માટે પેસ્ટ કંટ્રોલ ટ્રીટમેન્ટ કરાવવામાં આવી. (૬) પ્રથમ તબકકામાં આઠ અધ્યાપકોની અને બીજા તબકકામાં બે મળીને કુલ દસ માયનોર રિસર્ચ પ્રપોઝલ વીએનએસજીયુ દ્વારા ફોરવર્ડ કરાવીને યુનિવર્સિટી ગ્રાંટ કમિશન, પૂના સબ્મીટ કરવામાં આવી. યુજીસી સ્પોન્સર્ડ સ્ટેટ લેવલ સેમીનાર માટે પ્રપોઝલ યુજીસી પૂના ઓફીસે સબ્મીટ કરવામાં આવી. સ્પોર્ટસ ઈકવીપમેન્ટ માટે રૂા. ૫,૦૦,૦૦૦/- ની પ્રપોઝલ યુજીસી પૂના ઓફીસે સબ્મીટ કરવામાં આવી. ૧૧મી યોજના માટે કોલેજને

મળેલ ગ્રાંટના યુટીલાઈઝેશન સંદર્ભે યુજીસી તરફથી એનઓસી સર્ટીફીકેટ મળી ગયેલ છે. પ્રો. ડૉ. ડીજીટી દ્વારા પૂર્ણ થયેલ માયનોર રિસર્ચ પ્રોજેકટનો ફાયનલ રિપોર્ટ યુજીસી ને સબ્મીટ કરવામાં આવ્યો. રૂા. ૨૦ લાખની એડીશનલ ફાયનાન્સીઅલ આસીસ્ટન્ટસનો ઓડીટેડ રિપોર્ટ સબ્મીટ કરીને યુજીસી પાસે વધુ ૩૦ લાખની પ્રપોઝલ કરી છે. (૭) કેસીજીના ઉપક્રમે અમદાવાદ / ગાંધીનગર ખાતે એફ.વાય.બી.કોમ. ''ઈ''ના વિદ્યાર્થીશ્રી ગોપાલે કોલેજનું પ્રતિનિધિત્વ કર્યું. ડૉ. રશ્મીબેન પટેલના નેતૃત્વ હેઠળ ચાર યુથ રેડક્રોસના વોલીયન્ટર્સ દ્વારા ફર્સ્ટ મેડીકલ ઈમરજન્સી રીસ્પોન્સ તાલીમ ત્રણ દિવસ માટે વલસાડ રકતદાન કેન્દ્ર દ્વારા આયોજીત કન્ટ્રી કલબ, વલસાડ ખાતે લીધી. માઉન્ટ આબુ ખાતે પ્રિ. ડૉ. જે.એમ. નાયકે પાંચ દિવસની નેશનલ કોન્ફરન્સમાં ભાગ લીધો. ઓએએસઆઈએસ વડોદરા દ્વારા આયોજીત ત્રણ દિવસના લાઈફ સ્કીલ કલાસીસમાં પથિક દેસાઈએ ભાગ લીધો. વીએનએસજીયુ, સુરતના એનએસએસ યુનિટના મેનેજર તરીકે પ્રોગ્રામ ઓફિસર પ્રા. કે.સી. પટેલની પસંદગી થઈ છે. યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોલેજના બે વિદ્યાર્થી નેશનલ લેવલના એનએસએસ શિબિર માટે પસંદગી પામ્યા છે. પ્રો. એમજીપી અને પ્રો. વીઆરસીના નેતૃત્વમાં શ્રી સૌરભભાઈ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી આઈએએસ/યુપીએસસીની પરીક્ષા લેવામાં આવી. (૮) કોલેજનું ૨૦૧૩-૧૪ના વર્ષનું પ્રોસ્પેકટસ, આઠમા વર્ષનો આકાંક્ષાનો ચોથો અંક, વર્ષ દરમ્યાન 'દક્ષિણાયન'માં કોલેજ અંક, ૨૦૧૨-૧૩ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિવિધ અખબારોએ કોલેજની પ્રવૃત્તિઓને બિરદાવી તેનો અંક તથા એન.એસ.એસ. વિદ્યાર્થીઓ માટે રોજનીશી ડાયરી પ્રકાશિત થઈ. (૯) મહીન્દ્ર એન્ડ મહીન્દ્ર લિ.ના સહયોગથી 'વિશ્વ પર્યાવરણ દિન' ઉજવણી અંતર્ગત પ્રા. કે.સી. પટેલના નેતૃત્વમાં એન.એસ.એસ. સ્વયંસેવકો અને વહીવટી સ્ટાફ થકી કેમ્પમાં વૃક્ષારોપણ કાર્યક્રમ સંપન્ન થયો.

## તાલિમ

કુદરતી તથા માનવસર્જિત હોનારત વખતે અસરગ્રસ્તોને ત્વરિત સહાય પહોંચાડવાના હેતુથી સ્ટેટ બ્રાંચ અમદાવાદ અને વલસાડ રકતદાન કેન્દ્રના સંયુકત ઉપક્રમે ''ફર્સ્ટ મેડીકલ ઈમરજન્સી રીસ્પોન્સ તાલીમ'' નું આયોજન કન્ટ્રી કલબ વલસાડ ખાતે કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓએ યુથ રેડક્રોસના નેજા હેઠળ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તાલીમ લીધા બાદ તાલીમાર્થીઓ આકસ્મિક આપત્તિના સમયે જયારે જરૂર પડે ત્યારે હાજર રહી કામ કરી શકાશે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન યુથ રેડક્રોસના કાઉન્સેલર ડૉ. રશ્મીબેન પટેલે પૂરૂં પાડયું હતું.

## એન.એસ.એસ.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. યુનિટ દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિન' ઉજવણીના ભાગરૂપ તા. ૮-૬-૧૩ના રોજ કોલેજ પરિસરમાં ૧૦૦ રોપણ કરી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો મહેન્દ્ર એન્ડ મહેન્દ્ર લિ. ના સહયોગથી યોજાયેલ આ કાર્યક્રમમાં વેકેશન હોવા છતાં એન.એસ.એસ.ના સ્વયંસેવકો અને કોલેજ પરિવાર સાથે પ્રિ. ડૉ. જે.એમ. નાયક, શ્રી ગિરિશભાઈ પટેલ, શ્રી કેતનભાઈ મેર, પ્રા. કે.સી. પટેલ, શ્રી અજીતભાઈ પટેલ તથા વિદ્યાર્થીઓ અને ઓફિસ કર્મચારીઓએ વૃક્ષારોપણ કરી વેકેશનમાં પણ કોલેજમાં અર્થપૂર્ણ પ્રવૃત્તિ દ્વારા સમાજને મજબૂત સંદેશ પૂરો પાડયો હતો. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે સમગ્ર વિશ્વ પર્યાવરણ અંગે ચિંતીત છે ત્યારે આ નાનકડો કાર્યક્રમ જનસમાજને પ્રેરણા પૂરી પાડશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો. સમગ્ર વ્યવસ્થાકીય કાર્ય મહીન્દ્ર એન્ડ મહીન્દ્ર લિ.ના સહયોગથી કરવામાં આવ્યું હતું.

તા. ૨૯-૬-૧૩ થી તા. ૧૦-૭-૧૩ દરમિયાન બેંગ્લોર મુકામે યોજાનાર એન.એસ.એસ. મેગા સમરકેમ્પ માટે શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના શ્રી વિનાત વોરા અને કુ. જયોતિ ગંગવાર ગુજરાતની ટીમમાં પસંદગી પામ્યા છે. ઉપરાંત એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. કે.સી. પટેલ ગુજરાતની ટીમનાં મેનેજર તરીકે સેવા આપશે.

## એન.સી.સી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.સી.સી. કેડટસોએ પુનાના સતારા મુકામે વેકેશન દરમ્યાન એન.આઈ.સી. રાષ્ટ્રીય કક્ષાના કેમ્પમાં ભાગ લીધો. જેમાં કુ.અનુ આર. નાગે સાંસ્કૃતિક કાર્યક્રમમાં બેસ્ટ એન્કરનો એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. ઉપરાંત કુ. હેમિશા મૈસૂરિયા, વાળંદ દિનકર, પ્રજાપતિ ભાવિન, મોકાસી વિપુલ, ભરવાડ ગોવિંદ, વાઘરી વિકી એ ગુજરાત રાજયની સાંસ્કૃતિને ઉજાગર કરતા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

## પ્રવેશોત્સવ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં પ્રથમ વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓને વાલીઓ સાથેની ઉપસ્થિતિમાં કાઉન્સેલીંગ કરીને પ્રવેશ પ્રક્રિયા સંપન્ન થઈ છે. આ કોલેજમાં એફ.વાય.બી.કોમ.ના પાંચ ડિવીઝન છે જે પૈકી એક ડિવીઝન અંગ્રેજી માધ્યમનું છે. તે તમામ ડિવીઝનમાં વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે અને રીઝર્વેશન કવોટા જાળવીને પ્રવેશ અપાયો છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓની હાજરીમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે કોલેજમાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, સપ્તધારાની પ્રવૃત્તિઓ તથા એન.એસ.એસ., એન.સી.સી., યુથ રેડક્રોસ, ચર્ચા/વિચાર મંચ, ભીંતપત્ર વગેરે અંગે વિગતવાર ઉલ્લેખ કરીને કોલેજ દ્વારા પૂરા પાડવામાં આવતા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને પોતાનો સર્વાંગી વિકાસ કરવા અનુરોધ કર્યો હતો. આ તબકકે ડૉ. જે.એમ. નાયકે જણાવ્યું હતું કે આ કોલેજમાં છેલ્લા કેટલાક વર્ષોથી નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસથી જ શૈક્ષણિક કાર્યનો શુભારંભ થઈ જાય છે અને તે માટે અધ્યાપકોને બે માસ પહેલાં નવા વર્ષનું ટાઈમ-ટેબલ આપી દેવામાં આવે છે. આચાર્ય ડૉ. જે.એમ. નાયકે ગુજરાતની આ પ્રતિષ્ઠિત કોલેજમાં પ્રવેશ મેળવીને અભ્યાસમાં ઉજ્જવળ કારકિર્દી સાથે સાથે મૂલ્યલક્ષી શિક્ષણ પર ખાસ ભાર મૂકયો હતો. બારેમાસ ચાલતા કોમ્પ્યુટર સેન્ટર અંગેની માહિતી ફેલ્ટી મેમ્બર શ્રીમતિ હેલીબેન ઉપાધ્યાયે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી રજૂ કરીને કોમર્સના વિદ્યાર્થીઓને મીનીમમ બેઝીક અને ટેલીનો કોર્સ કરવા અનુરોધ કર્યો હતો.

શ્રીમતી પી.એન. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરાખમાં સિંસેરીટે શાળાના સંચાલક શ્રી વિનોદભાઈ આચાર્ય, મીરાબેન આચાર્ય અને આચાર્ય શ્રી અમરભાઈ વ્યાસની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી કરીને તાલીમાર્થીઓને આવકાર આપવામાં આવ્યો. અતિથિઓ દ્વારા પ્રશિક્ષણાર્થીઓને નિષ્ઠાવાન, વ્યવસાય પ્રત્યે ઓતપ્રોત થવા તરફ અને આત્મવિશ્વાસ કેળવવા તરફ દિશાસૂચન કર્યું. ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. આનંદભાઈ ભટ્ટે મહેમાનશ્રીઓને આવકાર અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. તથા આભારવિધિ ડૉ. સંજયભાઈએ તથા કાર્યક્રમનું સંચાલન ડૉ. અરૂણભાઈ ટંડેલે કર્યું હતું.

- વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ., સુરતના વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનો સ્વાગત સમારંભ કોલેજના ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષીના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવ્યો હતો. ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે શબ્દસુમન દ્વારા સ્વાગત કરી સંસ્થાકીય પરિચય આપ્યો હતો. પ્રાધ્યાપકગણે તાલીમાર્થીઓને પુષ્પ આપી આવકાર્યા હતા. શ્રીમતી નીમાબેન જોષીએ અને અન્ય અધ્યાપકોએ તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ પ્રાધ્યાપકગણે અને તાલીમાર્થીઓએ પરિચય આપ્યો હતો. ઉદ્‌ઘોષક તરીકેની ભૂમિકા પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડે ભજવી હતી.
- શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા-સુરતમાં તા. ૨૪-૬-૧૩ના રોજ "પ્રવેશોત્સવ" કાર્યક્રમ પ્રારંભમાં નવા પ્રશિક્ષણાર્થીઓનું સ્વાગત તિલકવિધિથી કરવામાં આવ્યું હતું. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ભાવેશભાઈ રાવલે પ્રશિક્ષણાર્થીઓને આવકારતા ગુણવત્તાયુકત શિક્ષક પ્રશિક્ષણ અને સમાજ સંદર્ભે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. તથા સંસ્થાના ટ્રસ્ટીશ્રી સુવાલાલજી શાહ તેમજ ડાયરેકટરશ્રી નરેન્દ્રભાઈ ચૌધરીએ તાલીમાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત વંદના, સ્ટાફ પરિચય પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા દર્શાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. મનિષાબેન રીબડીયાએ કર્યું હતું.
- અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ કેમ્પસમાં સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રી કોલેજ ઓફ કોમર્સનો શુભારંભ કરાયો હતો. જેમાં અંગ્રેજી માધ્યમની કોમર્સ કોલેજનો પ્રવેશોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ સૌ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વચન પાઠવીને અંગ્રેજી માધ્યમથી બી.કોમ. અભ્યાસ કરીને સફળ કારકિર્દી ઘડવા પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટી શાસ્ત્રી સ્વામી શ્રી જયસ્વરૂપ દાસજી, ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ પાનસુરીયા, સીએ શ્રી હાર્દિકભાઈ ભાલાણી, સીએ શ્રી રજનીકાંતભાઈ ઉપસ્થિત રહયા હતા. બી.એડ્. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. કૃણાલ પંચાલે સંસ્થા પરિચય આપી ગુરૂકુલ વિદ્યાપરંપરાની કે.જી. થી પી.જી. સુધીની ગુણવત્તાયુકત શિક્ષણયાત્રાથી સૌને માહિતગાર કર્યા હતા. ગુરૂકુલ પબ્લિક સ્કુલના આચાર્યા શ્રીમતિ અમીતા શ્રીવાસ્તવે બી.કોમ.ની કારકિર્દી પસંદ કરવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. બી.કોમ. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી ઉષા સિંઘે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. અધ્યાપક પરિચય બાદ વિદ્યાર્થીઓએ પોતાની ભાવિ કારકિર્દી અંગે વિચારો વ્યકત કર્યા હતા.
- શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૨૯-૬-૧૩, રોજ વર્ષ ૨૦૧૩-૧૪ના તાલીમાર્થીઓને દીક્ષારંભ કાર્યક્રમ યોજાયો. દીક્ષારંભ પ્રવચનના મુખ્ય વકતા અને કાર્યક્રમના અધ્યક્ષ કોલેજના પૂર્વ આચાર્ય ડૉ. દિનુભાઈ નાયકે તાલીમાર્થીઓને સંકલ્પ કરીને પુરૂષાર્થ દ્વારા જીવનમાં નિર્ધારિત કરેલુ બધુ જ કરી શકીએ એવું જણાવીને તેમણે સમજાવ્યું હતું કે સર્વ શકિતઓમાં વિચાર શકિત શ્રેષ્ઠ છે. તેથી તેની સાધના ઉપાસના શિક્ષક દ્વારા થવી જોઈએ. આવકાર સ્વાગત અને સંસ્થા પરિચય પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે આપ્યો હતો. તાલીમાર્થીઓ માટે નમૂના રૂપ ગીત અને સુવિચાર અનુક્રમે ડૉ. નમ્રતાબેન પટેલ અને ડૉ. ગાયત્રીબેન પટેલે રજુ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. સ્નેહાબેન ટેલર અને આભારવિધિ ડૉ. કલ્પેશભાઈ ટંડેલે કરી.
- બી.બી. અવિચળ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવીમાં નવા આગંતુકો માટે પ્રવેશોત્સવ આચાર્ય ડૉ. પ્રભુદાસ એમ. જલસણવાલાના અધ્યક્ષ સ્થાને યોજાયો. કાર્યક્રમમાં પ્રથમ ઉત્તરાખંડમાં અવસાન પામેલા યાત્રિકોને આત્માને શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી ત્યારબાદ આચાર્યશ્રીએ બી.એ. તેમજ બી.કોમ.ના સેમેસ્ટર સીબી એસના વિદ્યાર્થીઓ માટેના મલ્ટીપર્પઝ વર્કશોપ સફળતાપૂર્વક યોજાયો કોલેજના ઈતિહાસની સાથો સાથ વર્તમાન ઝડપી સ્પર્ધાત્મક યુગમાં કોલેજ શિક્ષણ કોમ્પ્યુટર, કલા, કૌશલની અવનવી પ્રવૃત્તિઓ કરવી જરૂરી છે. સંધાન, સ્કોપ, ઉડીસા, લાયબ્રેરી, સ્પોર્ટસ અને જીમખાના એન.એસ.એસ., એન.સી.સી., સપ્તધારા, વિદ્યાર્થી સંઘના સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિશેની પ્રાથમિક સમજ પૂરી પાડી આ માટે દરેક સમિતિના નિયુકત અધ્યાપકોને ટીમવર્ક બતાવી વિદ્યાર્થીઓને શિક્ષણની સફળતાની સાથો સાથ જાગૃત નાગરિક બનાવવાના ભગીરથ કાર્યમાં જોડવા પ્રોત્સાહન પુરૂ પાડયું. ત્યારબાદ પ્રા. એન.એમ. ચૌધરીએ ઓડિયો વિડીયો સિસ્ટમ અંગે જાણકારી આપી. પ્રા. અનિલભાઈ પટેલે રમત ગમત અંગે માહિતી આપી પ્રો. ઓ. ઈલાબેન આઈ. શાહે એન.એસ.એસ. પ્રવૃતિ અંગે માહિતી આપી. ત્યારબાદ અધ્યાપક સ્ટાફગણના આવકાર પરિચય ઉપાચાર્ય જયદિપભાઈ શાહે આપ્યો.

## સ્પર્ધા

અંકલેશ્વર સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં "ચાલો ભિંજાઈએ" વર્ષાગીત સ્પર્ધા યોજાઈ ગઈ. ગાન સ્પર્ધામાં પ્રથમ ક્રમે પરમાર દિપાલીબેન, બીજા ક્રમે ડાભી જૈનીશાબેન અને ત્રીજા ક્રમે પટેલ અસ્મિતાબેન વિજેતા રહયા હતા. પઠન સ્પર્ધામાં પ્રથમ ક્રમે નમાજી યાસીનભાઈ બીજા ક્રમે પટેલ હિનાબેન અને ત્રીજા ક્રમે પરમાર ઉષાબેન રહયા હતા. આ કાર્યક્રમમાં આચાર્ય શ્રી ડૉ. કૃણાલભાઈ પંચાલ તથા સૌ અધ્યાપકોએ પણ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પરમાર ધર્મેશ તથા પટેલ અંકિતાબેને કર્યું હતું. કાર્યક્રમના નિર્ણાયક તરીકે પ્રા. કૌશલભાઈ અને પ્રા. ગણેશભાઈ રહયા હતા.

## વિશ્વવસ્તી દિન

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૧૧-૭-૧૩ના રોજ વિશ્વ વસ્તીદિન નિમિત્તે સામાજિક પ્રવૃત્તિના એક ભાગરૂપે વસ્તી નિયંત્રણ અંગે જનજાગૃતિ રેલીનું આયોજન આચાર્યશ્રી ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતુ. વિશ્વમાં વધી રહેલ વસ્તી અને તેને કારણે ઉદ્‌ભવેલ અનેક આર્થિક અને સામાજિક સમસ્યાઓ અંગે સમાજમાં જાગૃતિ આવે એવા શુભ આશયથી કોલેજ કેમ્પસથી રાજમાર્ગ સુધી રેલી યોજવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓ વસ્તી નિયંત્રણનાં પોસ્ટરો લઈ વસ્તી નિયંત્રણ સંબંધી સૂત્રોચ્ચાર કર્યા હતા. આ રેલીમાં કોલેજનાં તમામ અધ્યાપકોએ પણ જોડાઈને રેલીને સફળ બનાવી હતી.

## પીએચ.ડી.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરના ઈન્ચાર્જ આચાર્ય પંચાલ કૃણાલ મહેશભાઈએ ભાવનગર શિક્ષણશાસ્ત્ર ભવનના અધ્યક્ષ ડૉ. જે.એ. રામાનુજના માર્ગદર્શન હેઠળ "બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક સ્વ-સંકલ્પના અને તેમના સ્વ-મૂલ્યાંકનનો સહસંબંધાત્મક અભ્યાસ" વિષય પર પીએચ.ડી. મહા શોધ નિબંધ તૈયાર કર્યો હતો. જેને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીએ માન્ય રાખીને પીએચ.ડી. જાહેર ડિગ્રી પ્રદાન કરેલ છે. અભિનંદન.

## પુરસ્કાર



શ્રી એસ.જી. પટેલ આર્ટસ અને શ્રી પી.કે. દેસાઈ કોમર્સ કોલેજ, નિઝરના એકાઉન્ટન્સી વિષયમાં એસોશિએટ તરીકે ફરજ બજાવતા વાપીના ડૉ. ચંદુભાઈ કે. પટેલને તેમના બુક પ્રકાશન, જર્નલમાં પ્રકાશિત સંશોધન લેખો, આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સેમિનારમાં પેપર પ્રેઝન્ટેશન, વર્તમાનપત્રમાં પ્રકાશિત લેખો, ઈન્દીરા ગાંધી ઓપન યુનિ.માં પાર્ટટાઈમ કાઉન્સીલર જેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા સરકારશ્રી તરફથી સોંપેલ કામગીરીઓ જેવી કે વિવિધ ચૂંટણીઓ અને મતદાર નોંધણીમાં માસ્ટર ટ્રેનર, સેકશન ઓફિસર અને ઝોનલ ઓફિસર, એસ.એસ.સી અને એચ.એસ.સી. બોર્ડમાં વીજીલન્સ સ્કવોર્ડ કન્વીનર, ગુણોત્સવ અને પ્રવેશોત્સવમાં મુખ્ય ઓફિસર તરીકેની મહત્વપૂર્ણ કામગીરી અને રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ માટે ઈન્ડીયા ઈન્ટરનેશનલ ફ્રેન્ડશીપ સોસાયટી, નવી દિલ્હી દ્વારા તા. ૧૦-૬-૧૩ના રોજ ઈન્ડીયા ઈન્ટરનેશનલ સેન્ટર નવી દિલ્હી ખાતે ડૉ. બી.એન. સીંગ (તામીલનાડુ અને આસામના ફોર્મર ગર્વનર)ના હસ્તે શિક્ષારત્ન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

## વાંચન વિશેષ

**અમરવાણી આપણા રાષ્ટ્રપિતાની ' છંદોબધ્ધ કાવ્ય સ્વરૂપે**

ડૉ. ગણેશ પરમાર

વલ્લભવિદ્યાનગર ' હેતલ પ્રકાશન, જુન ૨૦૧૩. પૃ. ૨૬૧. રૂા. ૬૦૦

લેખકશ્રી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના શિક્ષણ વિભાગમાં પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે કાર્યરત છે.

આ પુસ્તકમાં આપણા રાષ્ટ્રપિતાની વાણી, તેમના ઉદગારો, જે તેમના વિવિધ લખાણના મૂળ અવતરણો કે જે તેમના વિશાળ સાહિત્યમાં પથરાયેલા છે તે બધા, મૂળસ્ત્રોતરૂપે સ્વીકારી તેને મંદાક્રાન્તા અને શિખરણી છંદમાં કાવ્ય સ્વરૂપે લેખકશ્રીએ પોતાના અનન્ય અહોભાવથી નિરૂપણ કર્યું છે. આજના યુગમાં છંદોબધ્ધ કાવ્યોની રચના કરવી એ નાનીસૂની વાત નથી. લેખકનો રાષ્ટ્રપિતા પ્રત્યેનો અહોભાવ અને આસ્થા પુસ્તકના પાને પાને જોવા મળે છે. આ ગ્રંથ અગાઉ પણ લેખકશ્રીએ "અમરકથા આપણા રાષ્ટ્રપિતાની છંદોબધ્ધ કાવ્ય સ્વરૂપે" ગાંધી સાહિત્યના રસિકો માટે પ્રસ્તુત કરેલ હતું.

આ પુસ્તકના લેખનકાર્ય માટે લેખકશ્રીએ ગાંધીજીની આત્મકથા, ખરી કેળવણી, નારાયણ દેસાઈ કૃત મારું જીવન એ જ મારી વાણી (ભાગ ૧ થી ૪), હરિજન બંધુ, એમંગ ધ ગ્રેટ, યંગ ઈન્ડિયા, નવજીવન, ગાંધીગંગા (ભાગ ૧-૩) ગાંધીજીનાં ભાષણો, ગાંધીજીનાં વિવિધ અવતરણો, શિક્ષણ સંબંધિત વ્યાખ્યાનો, ગાંધીજીના પત્રો, ગાંધીજીનું આત્મ ચિંતન વગેરે સંબંધિત ગ્રંથોનો આધાર મેળવ્યો છે.

રાષ્ટ્રપિતાને અંજલિ આપતાં લેખક કહે છે કેઃ

ગાંધીશંભુ રિપુહરણના, મંથને ઝેર પીધા,
વિષો સર્વે અમરકર્યા ઓહ ! શંભુ કલિના !

આ પુસ્તક ૧૯ પ્રકરણોમાં વિભાજીત છે. પુસ્તકમાં કાવ્યના નીચે દરેકમાં ફૂદરડીનું ચિહન દર્શાવીને પદ્યનોંધ પણ આપવામાં આવેલ છે જે મૂળ શબ્દો રાષ્ટ્રપિતાના છે. જે અવતરણનું પુસ્તક અને પાન લખેલ છે. જે મંદાક્રાન્તા છંદમાં તે કાવ્ય સ્વરૂપે છે અને શિખરણી છંદમાં લેખકનું તે અંગેનું ભાષ્ય છે. જેમાં લેખકનો રાષ્ટ્રપિતા પ્રત્યેનો હૃદયભાવ પ્રસ્તુત થયો છે.

આ ગ્રંથ ઉત્તમ કક્ષાના પેપરમાં પ્રસ્તુત કરેલ છે. જેમાં રાષ્ટ્રપિતાના આકર્ષક અને અલભ્ય ફોટોગ્રાફસ, રાષ્ટ્રપિતાના હસ્તાક્ષર, યંગ ઈન્ડિયા, નવજીવન, હરિજનબંધુની પ્રતિલિપિઓ પણ અદ્‌ભૂત સ્થાન ધરાવે છે. પ્રથમ દ્રષ્ટિએ જ આ ગ્રંથનું વાચન કરવા માટે વાચકને મજબૂર કરે છે. તદ્‌પરાંત રાષ્ટ્રપિતાની વંશાવળી નયનરમ્ય ફોટોગ્રાફસ સહિત ઉપલબ્ધ છે. તદ્‌પરાંત મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરા, કુલપતિશ્રી દક્ષેશભાઈ ઠાકર, પ્રખર ગાંધીવાદી મોહન દાંડીકર, પ્રખર ગાંધી અભ્યાસુ પદમાકર ફરસોલે, ડૉ. વિપિનકુમાર કિકાણીની શુભેચ્છાઓ સહિતનું આ પુસ્તક ગાંધી સાહિત્યના રસિકોનો આદરભાવ પામશે જે નિશ્ચિંત છે.

લેખકે આ ગ્રંથના લેખનકાર્ય માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથાલયના 'રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સાહિત્ય' કક્ષનો ભરપૂર ઉપયોગ કર્યો છે અને તેની સાદર નોંધ પણ લેખકશ્રીએ પ્રસ્તાવના પ્રસ્તુત કરેલ છે. યુનિવર્સિટી ગ્રંથાલયના 'રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સાહિત્ય' કક્ષમાં રાષ્ટ્રપિતા સંબંધિત ૭૭૫ ઉપરાંત અમૂલ્ય ગ્રંથો, અપ્રાપ્ય ૧૦૩ ઉપરાંત ફોટાઓ અને અલભ્ય ગાંધી જીવનની ૧૫ ફિલ્મ રીલનો પણ સમાવેશ થાય છે. રાષ્ટ્રપિતાનાં મૂલ્યોમાં આસ્થા રાખતા સર્વ કોઈ માટે આ કક્ષ અમૂલ્ય છે.

લેખકશ્રી દ્વારા ભેટ આપવામાં આવેલ આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડો. જે.આર. મહેતા
કુલસચિવ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian
Published by : Dr. J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com